Rediffusion/Edelman

**Publication:** Divya Bhaskar
**Date:** 3/08/2013
**Edition:** Ahmedabad
**Page No.:** 2
**Headline:** St. Kabir school students in quiz finale

# ક્વિઝ ફિનાલેમાં સંત કબીર સ્કૂલના વિદ્યાર્થીઓ

## QUIZ COMPETITION

• સિટી રિપોર્ટર અમદાવાદ

શહેરના ટાઉન હોલ ખાતે યોજાયેલી તાતા કન્સલ્ટન્સી સર્વિસીસ દ્વારા 'સ્માર્ટ ટેક વિઝાર્ડ 2013'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમદાવાદની પ્રાદેશિક ફાઈનલમાં સંત કબીર સ્કૂલના જલજ મહેશ્વરી અને રવિજા અમલાની વિજેતા થયા હતા. આ ઉપરાંત મહારાજા અગ્રસેન વિદ્યાલયના યશ ગોહિલ અને માનસ ગુપ્તા રનર્સ અપ રહ્યા હતા. નોંધનીય છે કે આ સ્પર્ધામાં વિવિધ શાળાઓના 1100થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિજેતાઓને આઈપેડ અને રનર્સ અપને ગેલેક્સી ટેબ આપવામાં આવ્યું હતું.

આ સ્પર્ધા અમદાવાદ ઉપરાંત બેંગલોર, ચેન્નઈ, કોઈમ્બતુર, હૈદરાબાદ, કોકાતા સહિત દેશના 14 શહેરોમાં યોજવામાં આવશે. સ્પર્ધામાં ધોરણ 8થી 12ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### કેવા -કેવા રાઉન્ડ રખાયા હતા?

આ ક્વિઝમાં ડેટા ક્લાઉડ, બીગ ડેટા વિઝ્યુઅલાઇઝેશન, ઇન્ટરનેટ ઓફ થીંગ્સ જેવા રાઉન્ડ્સ રખવામાં આવ્યા હતા. આ રાઉન્ડ્સમાં ઇન્ટરનેટની દુનિયા, યુનિક વેબસાઇટ, સોફ્ટવેર પ્રોડક્ટ્સ, મૂવીઝ, બેંકીંગ, એડ્વર્ટાઇઝિંગ જેવા વિષયોના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ગ્રાન્ડ ફિનાલે 14 ડિસેમ્બરના રોજ દિલ્હી ખાતે યોજાશે જેમાં દેશભરના વિદ્યાર્થીઓ ભાગ લેશે.